SAURASHTRA UNIVERSITY

Re-Accredited Grade "A" (CGPA 3.05) by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સીટી રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

बेटी बचाओ बेटी पढ़ाओ

PHONE :- 0281 - 2578501 - EXT. NO. *111 FAX :- 0281 - 2586411

website :- www.saurashtrauniversity.edu e-mail id :- dep.of.phy.edu@gmail.com

વિષય :- રાજય યુવા ઉત્સવ-૨૦૧૬-૨૦૧૭ના આયોજન બાબત.

સંદર્ભ :- ક્રમાંક-યસપ-યબઅ-૧૬-૧૭-ખ-૦૧. તા.૨૬/૦૪/૨૦૧૬

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ તથા યુનિ.સંચાલિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ તેમજ જુદા-જુદા વિભાગના વડાશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવામાં આવે છે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, કમિશ્નરની કચેરી ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષ તાલુકા,જિલ્લા,પ્રદેશ રાજય અને રાષ્ટ્રકક્ષાએ યુવા ઉત્સવની વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવે છે. તદ અનુસાર ચાલુ વર્ષે પણ યુવા ઉત્સવનું તાલુકા,જિલ્લા,પ્રદેશ રાજય અને રાષ્ટ્રકક્ષાએ એમ પાંચ કક્ષાએ આયોજન કરવામાં આવશે.

આ યુવા ઉત્સવનો સઘન પ્રચાર થાય તે રીતે કામગીરી કરવાની રહેશે. જેથી રસ ધરાવતા કલાકારોને ભાગ લેવામાં સરળતા રહે અને સ્પર્ધા માટે પૂર્વ તૈયારી પણ કરી શકે. આ ઉપરાંત શાળા, મહાશાળાઓમાં અભ્યાસ કરતાં કે ન કરતા (વિધાર્થી કે બીન વિધાર્થી) યુવક-યુવતીઓ આ ઉત્સવની આ સાથેના પત્રકમાં દર્શાવેલ વિવિધ સ્પર્ધામાં ભાગ લઈ શકે તે માટે પણ જરૂરી પ્રયત્ન કરશો.

નં.શા.શી./રાજય યુવા ઉત્સવ/૨૭/૨૦૧૬
શારીરિક શિક્ષણ વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ.
તા.૧૭/૦૫/૨૦૧૬.

કુલસચિવ

બિડાણ :- કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ની કચેરી, ગાંધીનગર. નો પત્ર. (પાના.૦૧ થી ૦૬.)

પ્રતિ,

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાઓ.
(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંચાલીત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ.
(૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના જુદા જુદા વિભાગ ના વડાઓ.

નકલ રવાના સારૂ.

(૧) માન કુલપતિશ્રી ના અંગત સચિવશ્રી.
(૨) કુલસચિવશ્રી ના અંગત સચિવશ્રી.

શ્રારીરિક શિક્ષણ વિભાગ
ઈનવર્ડ નંબર : 16
તારીખ : 10-5-16

ક્રમાંક-યસપ-યબઅ-૧૬-૧૭-ખ-૧
કમિશનર,
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,
બ્લોકનં.-૧૧/ત્રીજો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
તારીખઃ- ૨૬ -૦૪-૨૦૧૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટ
સામાન્ય વિભાગ
10 MAY 2016
ઈનવર્ડ નંબર 4879

પ્રતિ,
જિલ્લા રમતગમત અધિકારીશ્રી, ..........તમામ

**વિષયઃ- રાજય યુવા ઉત્સવ-૨૦૧૬-૧૭ના આયોજન બાબત.**

શ્રીમાન,

આ કચેરી ધ્વારા પ્રતિ વર્ષ તાલુકા,જિલ્લા,પ્રદેશ અને રાજયકક્ષાએ યુવા ઉત્સવની વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવે છે.તદ અનુસાર ચાલુ વર્ષે પણ ઉપરોકત યુવા ઉત્સવનું તાલુકા,જિલ્લા,પ્રદેશ,રાજય અને રાષ્ટ્રકક્ષાએ એમ પાંચ કક્ષાએ આયોજન કરવમાં આવશે.આ ઉત્સવમાં જુદી-જુદી કક્ષાએ આયોજન અને સંચાલન માટે જે તે કક્ષાની વ્યવસ્થાપક સમિતિ કાર્ય કરશે. આ વ્યવસ્થાપક સમિતિમાં જુદા-જુદા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં અને યુવક પ્રવૃત્તિઓમાં રસ ધરાવતી વ્યકિતઓનો તેમજ લલિતકલા અકાદમી અને સંગીત નાટક અકાદમીના સ્થાનિક સભ્યોનો પણ સમાવેશ કરવાનો રહેશે. આ ઉપરાંત તાલુકા,જિલ્લાના યુવા કાર્યકરોને તેમજ પ્રાથમિક શાળાઓ, માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજ,યુનિવર્સિટીઓ, જુદી-જુદી તાલીમ સંસ્થાઓ,સાંસ્કૃતિક કલા સંસ્થાઓ તથા રસ ધરાવતી સંસ્થાઓને તાલુકા/જિલ્લાકક્ષા યુવા ઉત્સવની જાણ કરશો. આ યુવા ઉત્સવનો સઘન પ્રચાર થાય તે રીતે કામગીરી કરવાની રહેશે. જેથી રસ ધરાવતા કલાકારોને ભાગ લેવામાં સરળતા રહે અને સ્પર્ધા માટે પૂર્વ તૈયારી પણ કરી શકે.

આ ઉપરાંત શાળા,મહાશાળાઓમાં અભ્યાસ કરતાં કે ન કરતા (વિધાર્થી કે બીન વિધાર્થી) યુવક-યુવતીઓ આ ઉત્સવની આ સાથેના પત્રકમાં દર્શાવેલ વિવિધ સ્પર્ધામાં ભાગ લઇ શકે તે માટે પણ જરુરી પ્રયત્ન કરશો.

યુવા ઉત્સવ અંગેની અંદાજીત સમયાવધિઓ

| | |
|---|---|
| (૧) તાલુકાકક્ષા યુવા ઉત્સવ | - સપ્ટેમ્બર-૨૦૧૬ અંત સુધીમાં |
| (૨) જિલ્લાકક્ષા યુવા ઉત્સવ | - ઓકટોબર-૨૦૧૬ અંત સુધીમાં |
| (૩) પ્રદેશકક્ષા યુવા ઉત્સવ | - નવેમ્બર-૨૦૧૬ ના પ્રથમ સપ્તાહમાં |
| (૪) રાજયકક્ષા યુવા ઉત્સવ | - ડિસેમ્બર-૨૦૧૬ ના પ્રથમ સપ્તાહમાં |

રાજયકક્ષાના પ્રવેશપત્રો મોકલવાની છેલ્લી તા.૧૫-૧૧-૨૦૧૬ રહેશે. જયારે પ્રદેશકક્ષાના યુવા ઉત્સવ અંગેના પ્રવેશપત્રો જે તે પ્રદેશના યુવા ઉત્સવ સમિતિના વડાને મોડામાં મોડા તારીખ:૨૦-૧૦-૨૦૧૬ સુધીમાં અચૂક મોકલી આપવાના રહેશે.

તાલુકા,જિલ્લાકક્ષાના યુવા ઉત્સવની તારીખોમાં સંજોગો અનુસાર ફેરફાર કરી શકાશે. પરંતુ કોઇપણ સંજોગોમાં પ્રદેશ તેમજ રાજયકક્ષાએ પ્રવેશપત્ર મોકલવાની તારીખ પહેલા તાલુકા તથા જિલ્લાકક્ષાનો યુવા ઉત્વસ પૂર્ણ કરવાનો રહેશે.

જિલ્લા તેમજ પ્રદેશકક્ષાના યુવા ઉત્સવનો અહેવાલ પ્રતિવર્ષની જેમ ૧૦ સારા ફોટોગ્રાફસ સાથે આ કચેરીને મોકલી આપશો.

તાલુકા પંચાયત,જિલ્લા પંચાયત તથા નગર પંચાયતના પ્રમુખશ્રીઓ તથા કોર્પોરેશનના મેયરશ્રીઓ આવા ઉત્સમાં આર્થિક સહાય આપી શકેતે માટેની જોગવાઇઓ તેમના બજેટમાં હોય છે. તાલુકા પંચાયત,જિલ્લા પંચાયત અને નગર પંચાયતના બજેટમાં !! યુથ વેલ્ફેર એકટીવીટી !! સદર હેઠળ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ખર્ચની જોગવાઇ હોય છે. તેમાંથી તાલુકા પંચાયત,જિલ્લા પંચાયત,નગર પંચાયતના પ્રમુખો તથા જે તે વિભાગના કોર્પોરેશનના માન.મેયરશ્રીઓ આ કાર્યક્રમમાં મદદ કરી શકે તે માટે આપ તેઓશ્રીનો રૂબરૂ સંપર્ક સાધીને આ ઉત્સવમાં તેઓની પાસેથી સહાય મેળવવા પ્રયત્ન કરશો.

સાહિત્ય,કલા અને સાંસ્કૃતિક વિભાગની વિવિધ સ્પર્ધાની આયટમો ગત વર્ષના ધોરણે જ યોજવાની રહેશે. પરંતુ રાષ્ટ્રીય યુવા ઉત્સવની એકાંકી સ્પર્ધામાં ફકત અંગ્રેજી,હિન્દી ભાષામાં રજૂ કરવાના નિયમો હતા, જેમાં કેન્દ્ર સરકારના યુવા બાબતો અને ખેલકૂદ મંત્રાલયની સુચનાથી ફેરફાર કરી પ્રાદેશિક ભાષામાં પણ એકાંકી રજુ થઇ શકશે તેથી તે પ્રમાણે વિજેતા ક્રમ આપવાનો રહેશે.

આ વિવિધ સ્પર્ધાઓ (ઉત્સવ) પાછળનો ઉદેશ લક્ષમાં રાખી આશાસ્પદ કલાકારો યુવક-યુવતીઓને જરૂરી માર્ગદર્શન આપી તેમને પ્રેરણા આપી યુવા ઉત્સવને સફળતા મળે તે માટે તમામ પ્રયત્ન કરવાના રહેશે. તાલુકા,જિલ્લાકક્ષાના કાર્યક્રમના આયોજકો,સંસ્થાઓ, સ્થળ અને તારીખ વગેરેની માહિતી આ કચેરીને તાકીદે મોકલી આપશો.

<u>નિર્ણાયકો, નિયમો,અરજી પત્રક,આઇટમો</u>

(૧) નિર્ણાયકોની સંખ્યા સામાન્ય રીતે ત્રણથી વધુ નહી કે ઓછી નહી તેવી હોવી જોઇએ.

(૨) નિર્ણાયકોની પસંદગી તાલુકા,જિલ્લાકક્ષાએ આયોજન સમિતિ કરશે. નિર્ણાયકોની પેનલ જેતે કક્ષાની આયોજન સમિતિના અધ્યક્ષ/ઉપાધ્યક્ષશ્રી અથવા તેમના પ્રતિનિધ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, એક નામાંકિત કલાકાર (સંગીત,નૃત્ય,નાટય) એક સાહિત્યકાર એક સ્થાનિક મહાનુભાવ અને સભ્ય સચિવ તરીકે જિલ્લા રમતગમત અધિકારીશ્રીની સમિતિની રચના કરવાની રહેશે. જેમાં દરેક આઇટમમાં ઓછામાં ઓછી ચારથી પાંચ નામોની પસંદગી કરવાની રહેશે.

(અ) પ્રત્યેક નિર્ણાયકોને જુદી-જુદી સ્પર્ધાઓની નિયમાવલી અગાઉથી આપવાની રહેશે.

(બ) નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે. જેને પડકારી શકાશે નહી.

## નિયમો

૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરવતા વિધાર્થી કે બિનવિધાર્થીઓ કોઇપણ યુવક-યુવતીઓ આ યુવા ઉત્સવમાં ભાગ લઇ શકશે. યુવા ઉત્સવ માટેના નિયમો શરતો,ફોર્મ ગત વર્ષ અનુસાર રહેશે. ભાગ લેવા ઇચ્છતી વ્યકિત કે સંસ્થા નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે. કોઇપણ લાયક વ્યકિત,વ્યકિતગત રીતે સ્પર્ધામાં ભાગ લઇ શકશે. તાલુકાકક્ષાએ જે વ્યકિત કે સંસ્થા પ્રથમ આવે તે જિલ્લાકક્ષાએ ભાગ લેશે. તે જ રીતે જિલ્લાકક્ષાએ પ્રથમ આવતી સંસ્થા કે વ્યકિતની અરજીઓ જિલ્લા કે વ્યવસ્થાપક સમિતિના શેરા સાથે પ્રાદેશિક સ્તરે સંબંધિત પ્રદેશના જે જિલ્લામાં પ્રાદેશિક યુવા ઉત્સવ યોજવાનો હોય તે જિલ્લા રમતગમત અધિકારીશ્રીને નિયત તારીખ સુધીમાં મોકલી આપવાના રહેશે.

તાલુકા,જિલ્લાકક્ષાએ યુવા ઉત્સવમાં ખાસ કરીને એકાંકી નાટય સ્પર્ધા જેવી આઇટમોમાં રાજકીય બાબતોને સ્પર્શે તેવી કૃતિ અથવા કોઇપણ કોમ કે ધર્મના ભાઇ/બહેનોની લાગણી દુભાય તેવી કૃતિ અથવા અશ્લીલ અને સુરુચિભંગ કરે તેવી કૃતિ રજુ કરાય નહી તેની સંપૂર્ણપણે તકેદારી સ્થાનિક આયોજકોને રાખવાની રહેશે અને સ્ક્રીપ્ટ અગાઉથી લઇ સાહિત્યકારોની સમિતિ પાસે તેની ફરજીયાતપણે ચકાસણી કરાવી લેવાની રહેશે.

**તાલુકા યુવા ઉત્સવ પૂર્ણ થયા બાદ જિલ્લાકક્ષાએ અને પ્રદેશકક્ષાએ યુવા ઉત્સવનું આયોજન થશે.**તાલુકાકક્ષાના યુવા ઉત્સવના આયોજન માટે સંબંધિત તાલુકા મામલતદારશ્રીના અધ્યક્ષપણા હેઠળ વ્યવસ્થાપક સમિતિની રચના કરી સમય મર્યાદામાં અયોજન કરવાનું રહેશે. તમામ તાલુકાઓનાં યુવા ઉત્સવ પુરો થયા બાદ જિલ્લા યુવા ઉત્સવના આયોજન-સંચાલન માટે કલેકટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ વ્યવસ્થાપક સમિતિની રચના કરવાની રહેશે. વ્યવસ્થાપક સમિતિમાં જિલ્લાની અગ્રણી સાંસ્કૃતિક સંસ્થાઓ,કલા સંસ્થાઓ, સામાજીક સેવાભાવી સંસ્થાઓના પ્રતિનિધિઓ, સ્થાનિક શૈક્ષણિક સંસ્થાઓના હોદેદારો,જિલ્લાની કચેરીના વડાશ્રીઓનો સમાવેશ કરવાનો રહેશે. આ વ્યવસ્થાપક સમિતિના ઉપાધ્યક્ષ તરીકે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને મંત્રી તરીકે જિલ્લા રમતગમત અધિકારી કામગીરી સંભાળશે.

વ્યવસ્થાપક સમિતિની બેઠકમાં જિલ્લા યુવા ઉત્સવના સ્થળ તથા તારીખ નકકી કરી મામલતદારશ્રીઓને જિલ્લા યુવા ઉત્સવમાં ભાગ લેવા માટે નિમંત્રણ પાઠવવાનું રહેશે.

આપના જિલ્લાના તમામ તાલુકાઓમાં તાલુકા યુવા ઉત્સવનું આયોજન સમય મર્યાદામાં હાથ ધરાય તે મુજબની કાર્યવાહી હાથ ધરવાં જરૂરી પરિપત્રથી સુચના આપશો.

જિલ્લાકક્ષાની ત્રણેય વિભાગની એટલે કે,સાહિત્ય,કલા અને સાંસ્કૃતિક વિભાગની પ્રથમ વિજેતા ટુકડીઓ તથા વિજેતાઓ પ્રાદેશિકકક્ષાએ ભાગ લેશે કોઇપણ સંજોગોમાં પ્રથમ અને દ્વિતિય સ્થાન પર એકથી વધુ વ્યકિતને વિજેતા જાહેર ન કરવામાં આવે તેની તકેદારી રાખવી.

પ્રાદેશિક યુવા ઉત્સવ અને રાજ્ય યુવા ઉત્સવની તારીખો /સ્થળ નકકી થયા બાદ મોકલી આપવામાં આવશે.જેની નોંધ લેશો.

કમિશનર
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
ગાંધીનગર

નકલ સાદર રવાનાઃજાણ સારૂ

(૧) સચિવશ્રી,રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૨) જિલ્લા કલેકટરશ્રી,................તમામ
(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી............તમામ
(૪) નાયબ સચિવશ્રી, રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૫) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી,ગુજરાત રાજય,બ્લોકનં.૧૨,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
(૬) મ્યનિસિપલ કમિશનરશ્રી,મહાનગરપાલિકા..............તમામ (ગુજરાત રાજય)
(૭) યુનિવર્સિટીઓના રજીસ્ટ્રારશ્રીઓ,તમામ (ગુજરાત રાજય )
(૮) માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજય માહિતી ખાતુ,ડૉ.જીવરાજ મહેતા ભવન,બ્લોકનં.૧૯, ગાંધીનગર
(૯) નિયામકશ્રી,દુર દર્શન કેન્દ્ર,થલતેજ રોડ, અમદાવાદ
(૧૦) નિયામકશ્રી,આકાશવાણી કેન્દ્ર,આશ્રમ રોડ, અમદાવાદ
(૧૧) ઝોનલ ડાયરેકટરશ્રી,નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન,જિલ્લા પંચાયત,સેકટર-૧૭,ગાંધીનગર
(૧૨) પસંદગી ફાઇલ.

## પરિશિષ્ટ-૧

રાજયના ૧૫ થી ૩૫ વર્ષે સુધીની ઉંમરના કોઇપણ યુવક કે યુવતી ( વિધાર્થી કે બીન વિધાર્થી ) આ સ્પર્ધામાં ભાગ લઇ શકશે. યુવા ઉત્સવના આયોજન અંગે, સ્પર્ધા વિભાગ,વર્ગીકરણ તથા આઇટમો નીચે જણાવ્યા પ્રમાણે રહેશે.

| | વિભાગ | વર્ગીકરણ |
|---|---|---|
| (૧) | !! અ !! વિભાગ | ૧૫ વર્ષ ઉપરના અને ૧૯ વર્ષે સુધીના |
| (૨) | !! બ !! વિભાગ | ૧૯ વર્ષ ઉપરના અને ૩૫ વર્ષે સુધીના |
| (૩) | !! ખુલ્લો વિભાગ !! | ૧૫ વર્ષ ઉપરના અને ૩૫ વર્ષે સુધીના |

! અ ! તથા ! બ ! વિભાગની તથા ખુલ્લા વિભાગની આઇટમોઃ

| ક્રમ | | સ્પર્ધાનું નામ | ! અ ! વિભાગ (સમય) મિનિટ | ! બ ! વિભાગ (સમય) મિનિટ | ખુલ્લો વિભાગ (સમય) મિનિટ |
|---|---|---|---|---|---|
| ( ક ) | | સાહિત્ય વિભાગ | | | |
| | (૧) | વકતૃત્વ સ્પર્ધા | ૦૫ મિનિટ | ૦૭ મિનિટ | - |
| | (૨) | નિબંધ સ્પર્ધા | ૪૦ મિનિટ | ૪૦ મિનિટ | - |
| | (૩) | પાદ પૂર્તિ સ્પર્ધા | - | ૪૦ મિનિટ | - |
| | (૪) | ગઝલ-શાયરી લેખન | - | ૬૦ મિનિટ | - |
| | (૫) | કાવ્ય લેખન | - | ૬૦ મિનિટ | - |
| | (૬) | દોહા,છંદ,ચોપાઇ | - | ૧૫ મિનિટ | - |
| | (૭) | લોકવાર્તા | - | - | ૧૫ મિનિટ |
| | ❖ (૮) | શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા (હિન્દી/અંગ્રેજી ) | - | - | ૦૪ મિનિટ |
| ( ખ ) | | કલા વિભાગ | | | |
| | (૯) | સર્જેનાત્મક કારીગરી | -- | -- | ૩ કલાક |
| | (૧૦) | ચિત્ર કલા | ૨ કલાક | ૨ કલાક | -- |
| ( ગ ) | | સાંસ્કૃતિક વિભાગ | | | |
| | (૧૧) | લગ્નગીત | -- | ૭ મિનિટ | - |
| | (૧૨) | હળવું કંઠય સંગીત | ૦૫ મિનિટ | ૦૫ મિનિટ | - |

| ક્રમ | સ્પર્ધાનું નામ | | !! અ !! વિભાગ (સમય) મિનિટ | !! બ !! વિભાગ (સમય) મિનિટ | !!ખુલ્લો!!વિભાગ (સમય) મિનિટ |
|---|---|---|---|---|---|
| (૧૩) | ❖ | શાસ્ત્રીય કંઠય સંગીત (હિન્દુસ્તાની) | ૧૫ મિનિટ | ૧૫ મિનિટ | -- |
| (૧૪) | | લોક વાધ સંગીત | ૦૫ મિનિટ | ૦૫ મિનિટ | -- |
| (૧૫) | ❖ | શાસ્ત્રીય નૃત્ય-ભરતનાટયમ | ૧૫ મિનિટ | ૧૫ મિનિટ | -- |
| (૧૬) | ❖ | શાસ્ત્રીય નૃત્ય-કથ્થક | ૧૫ મિનિટ | ૧૫ મિનિટ | -- |
| (૧૭) | | એકપાત્રીય અભિનય | ૦૫ મિનિટ | ૦૭ મિનિટ | -- |
| (૧૮) | ❖ | કર્ણાટકી સંગીત | --- | --- | ૧૫ મિનિટ |
| (૧૯) | ❖ | શાસ્ત્રીય નૃત્ય મણીપુરી | ---- | --- | ૧૫ મિનિટ |
| (૨૦) | ❖ | શાસ્ત્રીય નૃત્ય-ઓડીસી | ----- | ---- | ૧૫ મિનિટ |
| (૨૧) | ❖ | શાસ્ત્રીય નૃત્ય - કૂચીપૂડી | ----- | ---- | ૧૫ મિનિટ |
| (૨૨) | ❖ | લોકગીત | ----- | ---- | ૦૭ મિનિટ |
| (૨૩) | | ભજન | ----- | ---- | ૦૭ મિનિટ |
| (૨૪) | | સમુહગીત | ----- | ---- | ૦૭ મિનિટ |
| (૨૫) | ❖ | લોકનૃત્ય | ----- | ---- | ૧૫ મિનિટ |
| (૨૬) | ❖ | એકાંકી | ----- | ---- | ૩૦ થી ૪૫ મિનિટ |
| (૨૭) | ❖ | સિતાર | ----- | ---- | ૧૫ મિનિટ |
| (૨૮) | ❖ | વાંસળી | ----- | ---- | ૧૫ મિનિટ |
| (૨૯) | ❖ | વીણા | ----- | ---- | ૧૫ મિનિટ |
| (૩૦) | ❖ | મૃંદગમ | ----- | ---- | ૧૦ મિનિટ |
| (૩૧) | ❖ | હાર્મોનિયમ (હળવું) | ----- | ---- | ૧૦ મિનિટ |
| (૩૨) | ❖ | ગિટાર | ----- | ---- | ૧૦ મિનિટ |
| (૩૩) | ❖ | તબલા | ----- | ---- | ૧૦ મિનિટ |

(૧) !! અ !! વિભાગની સ્પર્ધાઓ -૯

(૨) !! બ !! વિભાગની સ્પર્ધાઓ-૧૪

(૩) !! ખુલ્લા વિભાગની સ્પર્ધાઓ-૧૯

---

આમ કુલ-૩૩ આઇટમોની ૪૨ જેટલી સ્પર્ધાઓ યુવા ઉત્સવમાં યોજવામાં આવશે.

❖ નિશાની વાળી સ્પર્ધાઓનો સમાવેશ રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે થયેલ છે.

❖ (ક) રાજયકક્ષાની સ્પર્ધાના દરેક આઇટમના પ્રથમ/ દ્રિતિય વિજેતાને નીચે પ્રમાણે ઇનામ આપવામાં આવશે.

| વૈયકિતક આઇટમ માટે | ખુલ્લો વિભાગ | ! અ ! વિભાગ | ! બ ! વિભાગ |
|---|---|---|---|
| પ્રથમ ઇનામ | રૂા.૪૦૦ x ૧૬=૬૪૦૦/- | રૂા.૩૦૦ x૯ =૨૭૦૦/- | રૂા.૪૦૦ x ૧૪=૫૬૦૦/- |
| દ્રિતિય ઇનામ | રૂા.૨૦૦ x ૧૬=૩૨૦૦/- | રૂા.૧૫૦ x૯ =૧૩૫૦/- | રૂા.૨૦૦ x ૧૪=૨૮૦૦/- |

એકાંકી સમૂહ ગીત,સમૂહ નૃત્ય જેવી સમૂહ આઇટમો માટેઃ-

પ્રથમ ઇનામ રૂા.૨૦૦૦ x ૩=૬૦૦૦/- દ્રિતિય ઇનામ રૂા.૧૦૦૦ x ૩=૩૦૦૦/-

વ્યવસ્થાપક સમિતિને રજૂ થયેલી કોઇ આઇટમ માટે ઇનામ આપવાનું યોગ્ય ન લાગે તો તે સ્પર્ધા માટે ઇનામની વહેંચણી કરવામાં આવશે નહિ.